सत्यमेव जयते

જી.એન.નાચીયા જી.એ.એસ (નિવૃત્ત)
નિયામક

નિયામક, સમાજ સુરક્ષા ખાતું
બ્લોકનં. ૧૬, ગ્રાઉન્ડ ફ્લોર,
ડો. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર – ૩૮૨૦૧૦.
ફોનનં : ૦૭૯ – ૨૩૨૫૬૩૦૯
ફેક્સનં : ૦૭૯ – ૨૩૨૫૬૩૦૮
ઈ – મેઈલ : **dir-sd@gujarat.gov.in**

ન.સસુખા/અપગ/૨૦૨૧-૨૨/૭૨૨૨ તા.૫/૦૮/૨૦૨૧

**પરિપત્ર**

વિષય – નિયામક સમાજ સુરક્ષા હસ્તકની દિવ્યાંગ નિવાસી સંસ્થાઓનું ધ જુવેનાઇલ જસ્ટીસ ( કેર એન્ડ પ્રોટેકશન ઑફ ચિલ્ડ્રન) એક્ટ,૨૦૧૫ હેઠળ ફિટ ફેસિલીટી તરીકે જાહેર કરવા બાબત

સંદર્ભ – સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૯.૦૬.૨૦૨૧નો પત્ર નં.જજઅ/૧૦/૨૦૨૦/૨૧૦૪૧૮/છ.

ઉપરોક્ત વિષય અને સંદર્ભના પત્રથી સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગે ધ જુવેનાઇલ જસ્ટીસ ( કેર એન્ડ પ્રોટેકશન ઑફ ચિલ્ડ્રન) એક્ટ,૨૦૧૫ની કલમ–૫૧ની જોગવાઇ મુજબ જુવેનાઇલ જસ્ટિસ બોર્ડ અથવા ચાઇલ્ડ વેલ્ફેર કમિટીને, કોઇ પણ સરકારી સંસ્થા અથવા સ્વૈચ્છિક અથવા બિન સરકારી સંસ્થા, જેની જે તે વખતે અમલમાં રહેલ કોઇપણ કાયદા હેઠળ નોંધણી થયેલ હોય તેના દ્વારા ચલાવવામાં આવતી કોઇપણ સંસ્થા/વ્યવસ્થાને એક વિશેષ હેતુ માટે, વ્યવસ્થાની તેમજ સંસ્થાની નિયત કરેલ પદ્ધતિ મુજબ બાળકની સંભાળ રાખવાની અનુકૂળતાની યોગ્ય તપાસ કર્યા બાદ, તેને બાળકની જવાબદારી હંગામી સમય માટે સંભાળવા માન્ય ઠરાવવાની નીચેની શરતોને આધીન મંજુરી આપવામાં આવેલ છે.

**શરતો :**

1. જે તે જિલ્લાની ચાઇલ્ડ વેલ્ફેર કમિટી/જુવેનાઇલ જસ્ટીસ બોર્ડ, દિવ્યાંગ બાળકો રહેતા હોય તેવી સંસ્થાઓની ઓળખ કરી આ સંસ્થાઓને "ફિટ ફેસિલિટી" તરીકે જાહેર કરશે તથા આવા દિવ્યાંગ બાળકોને કઇ દિવ્યાંગ સંસ્થામાં રાખવા તેનો હુકમ કરશે.
2. જો આવી દિવ્યાંગ સંસ્થાઓ જે.જે. એકટનો ભંગ કરશે તો ગ્રાન્ટ ઇન એઇડ સંસ્થાનું ગ્રાન્ટ ઇન એઇડ તેમજ દિવ્યાંગ ધારા હેઠળ રજીસ્ટ્રેશન પામેલ સંસ્થાઓનું દિવ્યાંગ ધારા હેઠળ મેળવેલ લાઇસન્સ રદ કરવાપાત્ર થશે અને જે.જે. એક્ટ–૨૦૧૫ની કલમ–૪૨ હેઠળ પગલા લઇ શકાશે.

Scanned with CamScanner

3. આવી સંસ્થામાં રહેતા બાળકો ખરેખર સંસ્થામાં રાખવાપાત્ર છે કે કેમ? તેની ચકાસણી ચાઇલ્ડ વેલ્ફેર કમિટી/જુવેનાઇલ જસ્ટીસ બોર્ડ કરશે અને જે તે બાળકના વાલી વારસો સક્ષમ હોય તો તેવા બાળકોને તેમના વાલી વારસોને પરત કરી શકાશે.
4. જે.જે. એક્ટ, ૨૦૧૫ની કલમ–૫૧ હેઠળ "ફિટ ફેસિલિટી" તરીકે જાહેર કરવામાં આવેલ ગ્રાન્ટ ઇન એઇડ ધોરણે ચાલતી કોઇપણ સંસ્થાને વધારાની કોઇપણ પ્રકારની નાણાંકીય સહાય કે ગ્રાન્ટ કે અન્ય સરકારી લાભો મળવાપાત્ર થશે નહિ.

બિડાણ– સંદર્ભ પરનો પત્ર

નિયામક
સમાજ સુરક્ષા કચેરી
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

પ્રતિ,
(૧) ચેરમેનશ્રી, ચાઇલ્ડ વેલ્ફેર કમિટી તમામ જિલ્લા,
(૨) પ્રમુખશ્રી, જુવેનાઇલ જસ્ટિસ બોર્ડ તમામ જિલ્લા,
(૩) જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી તમામ જિલ્લા,
(૪) જિલ્લા બાળ સુરક્ષા અધિકારીશ્રી તમામ જિલ્લા,

નકલ રવાના જાણ તેમજ જરૂરી કાર્યવાહી સારૂ :–

- માનદમંત્રીશ્રી દિવ્યાંગ કલ્યાણ ક્ષેત્રે કાર્યરત નિવાસી ગ્રાન્ટ ઇન એઇડ સંસ્થાઓ તમામ.
- અધિક્ષકશ્રી/આચાર્ય દિવ્યાંગ કલ્યાણ ક્ષેત્રે કાર્યરત સરકારી સંસ્થાઓ તમામ
- નિયામક સમાજ સુરક્ષા હસ્તકની દિવ્યાંગ ધારા હેઠળ રજીસ્ટ્રેશન પામેલ તમામ નિવાસી સંસ્થાઓ
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત સ્ટેટ ચાઇલ્ડ પ્રોટેક્શન સોસાયટી, બ્લોક નં.૧૯/૩, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

Scanned with CamScanner

ક્રમાંક: જજઅ/૧૦/૨૦૨૦/૨૧૦૪૧૮/છ
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,
ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગર.
તા.૧૯/૦૬/૨૦૨૧

પ્રતિ,
નિયામકશ્રી,
સમાજ સુરક્ષા ખાતુ,
બ્લોક નં.૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર.

વિષય: નિયામક સમાજ સુરક્ષા હસ્તકની દિવ્યાંગ નિવાસી સંસ્થાઓનું ધ જુવેનાઇલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન) એક્ટ, ૨૦૧૫ હેઠળ રજીસ્ટ્રેશન કરવા બાબત.

સંદર્ભ: આપનો પત્ર ક્રમાંક: સસુખા/અપગ/૨૦૨૧-૨૨/૨૦૬, તા.૨૧/૦૫/૨૦૨૧

શ્રીમાન,

ઉપરોક્ત વિષય પરત્વે આપના સંદર્ભદર્શિત પત્ર અન્વયે જણાવવાનું કે, ધ જુવેનાઇલ જસ્ટીસ કેર એન્ડ પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન) એક્ટ, ૨૦૧૫ની કલમ-૫૧ની જોગવાઇ મુજબ જુવેનાઇલ જસ્ટિસ બોર્ડ અથવા ચાઇલ્ડ વેલ્ફેર કમિટીને, કોઇ પણ સરકારી સંગઠન અથવા સ્વૈચ્છિક અથવા બિન સરકારી સંસ્થા, જેની જે તે વખતે અમલમાં રહેલ કોઇપણ કાયદા હેઠળ નોંધણી થયેલ હોય, તેના દ્વારા ચલાવવામાં આવતી કોઇપણ સંસ્થા/વ્યવસ્થાને એક વિશેષ હેતુ માટે, વ્યવસ્થાની તેમજ સંસ્થાની નિયત કરેલ પદ્ધતિ મુજબ બાળકની સંભાળ રાખવાની અનુકૂળતાની યોગ્ય તપાસ કર્યા બાદ, તેને બાળકની જવાબદારી હંગામી સમય માટે સંભાળવા માન્ય ઠરાવવાની આથી નીચેની શરતોને આધીન મંજૂરી આપી શકશે.

શરતો:

(૧) જે તે જિલ્લાની ચાઇલ્ડ વેલ્ફેર કમિટી/જુવેનાઇલ જસ્ટીસ બોર્ડ, દિવ્યાંગ બાળકો રહેતા હોય તેવી સંસ્થાઓની ઓળખ કરી આ સંસ્થાઓને "ફિટ ફેસિલિટી" તરીકે જાહેર કરશે તથા આવા દિવ્યાંગ બાળકોને કઇ દિવ્યાંગ સંસ્થામાં રાખવા તેનો હુકમ કરશે.

Scanned with CamScanner

(૨) જો આવી દિવ્યાંગ સંસ્થાઓ જે. જે. એક્ટનો ભંગ કરશે તો ગ્રાન્ટ-ઇન-એઇડ સંસ્થાનું ગ્રાન્ટ-ઇન-એઇડ તેમજ દિવ્યાંગ ધારા હેઠળ રજીસ્ટ્રેશન પામેલ સંસ્થાઓનું દિવ્યાંગ ધારા હેઠળ મેળવેલ લાઇસન્સ રદ કરવાપાત્ર થશે અને જે.જે. એક્ટ-૨૦૧૫ની કલમ-૪૨ હેઠળ પગલા લઇ શકાશે.

(૩) આવી સંસ્થામાં રહેતા બાળકો ખરેખર સંસ્થામાં રાખવાપાત્ર છે કે કેમ? તેની ચકાસણી ચાઇલ્ડ વેલ્ફેર કમિટી/જુવેનાઇલ જસ્ટીસ બોર્ડ કરશે અને જે તે બાળકના વાલી વારસો સક્ષમ હોય તો તેવા બાળકોને તેમના વાલી વારસોને પરત કરી શકાશે.

(૪) જે.જે. એક્ટ, ૨૦૧૫ની કલમ-૫૧ હેઠળ "ફિટ ફેસિલિટી" તરીકે જાહેર કરવામાં આવેલ ગ્રાન્ટ-ઇન-એઇડ ધોરણે ચાલતી કોઇપણ સંસ્થાને વધારાની કોઇપણ પ્રકારની નાણાકીય સહાય, ગ્રાન્ટ કે અન્ય સરકારી લાભો મળવાપાત્ર થશે નહી.

આપનો વિશ્વાસુ

patelDC

( ડી. સી. પટેલ )

ઉપ સચિવ,

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

નકલ રવાના પ્રતિ :

- સેક્શન અધિકારીશ્રી, છ-૧ શાખા, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

Scanned with CamScanner